# Gujarat PSI

## Previous Year Paper

### Mains GK 2015

1) હેવી વોટરનું બીજુ નામ શું છે ?

(A).હેવીરેમ (B).સોનેરીયમ (C).ડયુટેરીયમ (D).યુગોરીમ

ANS:ડયુટેરીયમ

2) ભારતે સૌપ્રથમ વખત અણુ ધડાકો કયાં કર્યો હતો ?

(A).પોખરણ (B).ચાંદીપુર (C).શ્રી હરીકોટા (D).ચુમ્બા

ANS:પોખરણ

3) પ્રકાશવર્ષ શું માપવાનો અંતર છે ?

(A).પ્રકાશ તિવ્રતા (B).સમય (C).અંતર (D).પ્રકાશની શક્તિ

ANS:અંતર

4) એકસ –રે ની શોધ કોણે કરી હતી ?

(A).ઝેનર (B).મેડમ કયુરી (C).રોન્ટેઝન (D).આર્કીમીડીઝ

ANS:રોન્ટેઝન

5) સુકો બરફ કોને કહે છે ?

(A).આઇસોકસાઇડ (B).ડીસ્ટ્રીલ વોટર (C).સલ્ફર ડાયોકસાઇડ (D).ધન કાર્બોડાયોકસાઇડ

ANS:ધન કાર્બોડાયોકસાઇડ

6) પૃથ્વીથી સૌથી નજીકનો ગ્રહ કયો છે ?

(A).શુક્ર (B).ગુરૂ (C).બુધ (D).નેપ્ચ્યુન

ANS:શુક્ર

7) નીચે પૈકી કયો બોમ્બ સૌથી વધુ વિધાતક છે ?

(A).અણુ બોમ્બ (B).હાઇડ્રોજન બોમ્બ (C).ન્યુટ્રોન બોમ્બ (D).ત્રણમાંથી કોઇ નહી

ANS:હાઇડ્રોજન બોમ્બ

8) કુંદનિકા કાપડીયા એ કઇ નવલકથા લખી છે ?

(A).લીલેરો ઢાળ (B).માનવીની ભવાઇ (C).સાત પગલા આકશમાં (D).આશ્કા માંડલ

ANS:સાત પગલા આકશમાં

9) જય સોમનાથ નવલકથા કોને લખી છે ?

(A).ચંદ્રવદન મહેતા (B).મકરંદ દવે (C).જયંત પાઠક (D).ક. મા. મુનશી

ANS:ક. મા. મુનશી

10) જીગુરાત ( ZIGURAT ) કઇ સંસ્કૃતિની અજાયબી છે ?

(A).બેબીલોન સંસ્કુતિ (B).મિસર સંસ્કૃતિ (C).સિંધુ સંસ્કૃતિ (D).ગ્રીક સંસ્કૃતિ

ANS:બેબીલોન સંસ્કુતિ

11) બ્રિટીશ શાસન દરમ્યાન સૌપ્રથમ સુપ્રિમ કોર્ટની સ્થાપના કયા શહેરમાં કરવામાં આવી ?

(A).મુબંઇ (B).ચેન્નાઇ (C).દિલ્હી (D).કલકત્તા

ANS:કલકત્તા

12) એસીડ રેઇનની ઘટના માટે કયો વાયુ જવાબદાર છે ?

(A).કાર્બન મોનોકસાઇડ (B).નાઇટ્રોજન ડાયોકસાઇડ (C).હાઇડ્રોજન (D).સલ્ફર ડાયોકસાઇડ

ANS:સલ્ફર ડાયોકસાઇડ

13) સમ્રાટ અશોક કોનો પુત્ર હતો ?

(A).બિંદુસાર (B).ચંદ્રગુપ્ત (C).કૌટીલ્ય (D).ધનનંદ

ANS:બિંદુસાર

14) ચિતોડમાં વિજય સ્તંભ કોણે બનાવડાવેલો ?

(A).રાણા ઉદયસિંહ (B).રાણા સાંગા (C).મહારાણા પ્રતાપ (D).રાણા કુમ્ભા

ANS:રાણા કુમ્ભા

15) સિંધુ ખીણની સંસ્કૃતિના લોકોને કઇ ધાતુનો પરીચય ન હતો ?

(A).સોનું (B).તાંબુ (C).ચાંદી (D).લોખંડ

ANS:લોખંડ

16) અજંટા ઇલોરાની ગુફાઓમાં કયા ધર્મનાં સ્થાપત્યો મળી આવેલ છે ?

(A).ઇસ્લામ ધર્મ (B).બૌધ્ધ ધર્મ (C).શૈવ ધર્મ (D).જૈન ધર્મ

ANS:બૌધ્ધ ધર્મ

17) શહેનશાહ અકબરે કયા રાજયની રાજકુવરી સાથે લગ્ન કરેલા ?

(A).આમેર (B).આગ્રા (C).અજમેર (D).બીકાનેર

ANS:આમેર

18) રાજ્યસભામાં સભાપતિ નીચેનામાંથી કોણ હોય છે.

| | | | |
|---|---|---|---|
| (A).સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ | (B).વડાપ્રાધન | (C).ઉપરાષ્ટ્રપતિ | (D).લોકસભાના સ્પીકર |

ANS:ઉપરાષ્ટ્રપતિ

19) ભારતમાં કઇ રીતે નાગરિકતા પ્રાપ્ત કરી શકાય ?

| | | | |
|---|---|---|---|
| (A).જન્મથી કે વારસાથી | (B).નોંધણીથી કે લગ્નથી | (C).કાયદા દ્વારા દેશીકરણથી | (D).ઉપરના તમામથી |

ANS:ઉપરના તમામથી

20) ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના કયા મુખ્યમંત્રી હતા.

| | | | |
|---|---|---|---|
| (A).ત્રીજા | (B).પહેલા | (C).બીજા | (D).એકપણ નહીં |

ANS:પહેલા

21) નસિરૂદિન અહેમદશાહનાએ પોતાની રાજધાની પાટણથી અમદાવાદ કયા યુગમાં ખસેડી ?

| | | | |
|---|---|---|---|
| (A).બલબન યુગ | (B).સલ્તનત યુગ | (C).ખીલજી યુગ | (D).સોલંકી યુગ |

ANS:સલ્તનત યુગ

22) ભૃગુ કચ્છ હાલમાં કયા નામથી ઓળખાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).ખંભાત | (B).ભરૂચ | (C).કચ્છ | (D).ભાવનગર |

ANS:ભરૂચ

23) સુકૃત સંકીર્તન અને પ્રબંધ ચિંતામણી ગ્રંથો કયા વંશની માહિતી આપે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વાઘેલા વંશ | (B).ચાવડા વંશ | (C).સોલંકી વંશ | (D).મૈત્રક વંશ |

ANS:ચાવડા વંશ

24) કુમાર સુશાન નીચેનામાંથી કયા રાજ્ય સાથે સંકળાયેલા હતા ?

| | | | |
|---|---|---|---|
| (A).મગધ | (B).કાશી | (C).ઉજ્જૈની | (D).અવધ |

ANS:મગધ

25) પ્રથમ ગુજરાતી ફિલ્મ કઇ છે ?

(A).નરસિંહ મહેતા (B).રાજા હરિશચંદ્ર (C).ઉપર ગગન વિશાળ (D).પુંડલિક

ANS:નરસિંહ મહેતા

26) પાટણમાં આવેલી રાણકી વાવ કોણે બંધાવી ?

(A).ઉદયમતી (B).ચૌલાદેવી (C).રાણકદેવી (D).તારામતી

ANS:ઉદયમતી

27) ભવાઇના આધ પુરૂષ અસાઇત કયા યુગમાં થઇ ગયા ?

(A).મૈત્રક યુગ (B).ચાવડા યુગ (C).શર્યાતિ યુગ (D).સલ્તનત યુગ

ANS:સલ્તનત યુગ

28) હાલમાં ગુજરાતનાં તાલુકાની સંખ્યા કેટલી છે ?

(A).222 (B).230 (C).249 (D).220

ANS:249

29) દાંતીવાડા બંધ કઇ નદી પર બાંધવામાં આવેલ છે ?

(A).મેશ્વો (B).બનાસ (C).હાથમતી (D).મહી

ANS:બનાસ

30) 'લીલીનાઘેર' શબ્દ આમાંથી કોની સાથે જોડાયેલી છે ?

(A).ચોરવાડ (B).ભરૂચ (C).ભાવનગર (D).સુરત

ANS:ચોરવાડ

31) વૌઠા શેના માટે જાણીતું છે ?

(A).ચાર નદીના સંગમ માટે (B).સાત નદીના સંગમ માટે (C).પાંચ નહીના સંગમ માટે (D).હવા ખાવાના સ્થળ તરીકે

ANS:સાત નદીના સંગમ માટે

32) એશિયા ખંડની સૌથી મોટી સહકારી ડેરી કયાં આવેલી છે ?

(A).વડોદરા (B).આણંદ (C).સુરત (D).મહેસાણા

ANS:આણંદ

33) ઇફકો ( IFFCO) શેના માટે પ્રખ્યાત છે ?

(A).રાસાયણિક ખાતર માટે (B).રેશમી કાપડ માટે (C).દૂધની બનાવટો માટે (D).બાયોલોજીકલ વેસ્ટ માટે

ANS:રાસાયણિક ખાતર માટે

34) પારસીઓના કાશી તરીકે કયુ સ્થળ ઓળખાય છે ?

(A).ઉંદવાડા (B).નારગોલ (C).સંજાણ (D).નવસારી

ANS:ઉંદવાડા

35) ભારતની ભૂમિનો 6% ભાગ કયુ રાજય રોકે છે.

(A).ગોવા (B).ગુજરાત (C).મહારાષ્ટ્ર (D).રાજસ્થાન

ANS:ગુજરાત

36) ગુજરાતમાં સૌ પ્રથમ રેલ્વે કયા બે સ્ટેશનો વચ્ચે શરૂ થઇ ?

(A).અમદાવાદ- વડોદરા (B).અમદાવાદ-મણીનગર (C).મહેસાણા-વીજાપુર (D).ઉતરાણ-અંકલેશ્વર

ANS:ઉતરાણ-અંકલેશ્વર

37) ખારાઘોડા શું છે ?

(A).ઘોડાની જાત છે (B).મીઠાની જાત છે (C).સ્થળનું નામ છે (D).આમાનું કોઇ નથી

ANS:સ્થળનું નામ છે

38) ગુજરાતનો દરિયા કિનારો કેટલા કિલોમીટર લાંબો છે ?

(A).1500 કિલોમીટર (B).1600 કિલોમીટર (C).1700 કિલોમીટર (D).2200 કિલોમીટર

ANS:1600 કિલોમીટર

39) જૂનાગઢની મુલાકાત બૌધ્ધ ધર્મ અંગીકાર કરનાર કયા દેશના રાજાએ લીધેલી ?

(A).ઉજ્જૈન (B).મગધ (C).કલિંગ (D).પાટણ

ANS:મગધ

40) અમૃતલાલ લાલજીભાઇ ભટ્ટનું ઉપનામ શું છે ?

(A).દર્શક (B).ઘાયલ (C).સ્નેહ રશ્મિ (D).કલાપી

ANS:ઘાયલ

41) ઓખાહરણના સર્જકનું નામ શું છે ?

(A).નરસિંહ મહેતા (B).મીરાબાઇ (C).અખો (D).પ્રેમાનંદ

ANS:પ્રેમાનંદ

42) મૂછાળી મા તરીકે કયા બાલ કેળવણીકાર પ્રખ્યાત છે ?

(A).સ્વ. મૂળશંકર ભટ્ટ (B).સ્વ. ગીજુભાઇ બધેકા (C).સ્વ. હરભાઇ ત્રિવેદી (D).સ્વ. નાનાભાઇ ભટ્ટ

ANS:સ્વ. ગીજુભાઇ બધેકા

43) શ્રી કાકા કાલેલકર નીચેનામાંથી શાની સાથે સંકળાયેલા છે ?

(A).નિબંધકાર (B).નવલકથાકાર (C).આખ્યાનકાર (D).વાર્તાકાર

ANS:નિબંધકાર

44) પુનર્વસુ એ કોનું બીજુ નામ છે ?

(A).લાભશંકર ઠાકર (B).ગૌરીશંકર જોષી (C).રામનારાયણ પાઠક (D).પન્નાલાલ પટેલ

ANS:લાભશંકર ઠાકર

45) જયાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહિં મળે ત્યાં સુધી પાઘડી નહિં પહેરૂ આ પ્રતિજ્ઞા કોણે કરેલી ?

(A).પ્રેમાનંદ (B).ગાંધીજી (C).મહાદેવ દેસાઇ (D).ઝવેરચંદ મેઘાણી

ANS:પ્રેમાનંદ

46) જળકમળ છોડીને જાને બાળા..... આ કાવ્ય કોને ઉદેશીને લખાયેલ છે.

(A).કૃષ્ણને (B).નંદગોપને (C).નાગને (D).બલરામને

ANS:કૃષ્ણને

47) માનવ સંસ્કૃતિના ઇતિહાસનો આરંભ કયા યુગમાં થયો ?

(A).પ્રાચીન પાષણ યુગ (B).લોહ યુગ (C).તામ્રકાસ્ય યુગ (D).નુતન પાષણ યુગ

ANS:નુતન પાષણ યુગ

48) ચીનની મહાન દિવાલ બાંધનાર રાજાનું નામ શું છે ?

(A).સમ્રાટ ચેન (B).સમ્રાટ શી-હવાંગટી (C).સમ્રાટ વુટી (D).સમ્રાટ યુ

ANS:સમ્રાટ શી-હવાંગટી

49) ચીનની સંસ્કૃતિમાં કઇ મહત્વની શોધ થઇ છે ?

(A).બેરોમીટર (B).થરમોમીટર (C).હોકાયંત્ર (D).વાજીંત્રો

ANS:હોકાયંત્ર

50) ભૌતિક શાસ્ત્રના પિતા તરીકે કોણ જાણીતું છે ?

(A).આરકીમીડીઝ (B).યુકલીડ (C).એરીસ્ટોટલ (D).પ્લેટો

ANS:આરકીમીડીઝ

51) રેનેસો શું છે ?

(A).નવજાગૃતિ આંદોલન (B).કર્મયુધ્ધ (C).ધર્મયુધ્ધ (D).નવસર્જન આંદોલન

ANS:નવજાગૃતિ આંદોલન

52) કયા દેશને લોકશાહીની જનેતા કહે છે ?

(A).ફ્રાંસ (B).ભારત (C).અમેરીકા (D).ઇંગ્લેન્ડ

ANS:ઇંગ્લેન્ડ

53) વિશ્વની કઇ મહિલા લોખંડી મહિલા ગણાય છે ?

(A).માર્ગોરેટ થેચર (B).એલીઝાબેથ ટેલર (C).મેરી આંતવા (D).જ્હોન ઓફ આર્ક

ANS:માર્ગોરેટ થેચર

54) શ્રીલંકાના પ્રથમ મહિલા વડાપ્રધાન કોણ હતા ?

(A).એકવીનો (B).ગોલ્ડામાયર (C).શ્રીમતી શિરીમાઓ ભંડાર નાઇકે (D).શ્રીમતી નેવીન

ANS:શ્રીમતી શિરીમાઓ ભંડાર નાઇકે

55) બિસ્માર્કને જર્મનીના કયા પુરૂષ તરીકે ઓળખવામાં આવે છે ?

(A).શક્તિ પુરૂષ (B).લોખંડી પુરૂષ (C).યુગ પુરૂષ (D).મહાત્મા પુરૂષ

ANS:લોખંડી પુરૂષ

56) સત્યવીર તરીકે કયા મહાનુભાવ ઓળખાય છે ?

(A).સોક્રેટીસ (B).સિકંદર (C).સોફોકીલીસ (D).હોમર

ANS:સોક્રેટીસ

57) હ્યુ એન સંગ કયા દેશનો પદયાત્રી હતો ?

(A).ભૂતાન (B).ચીન (C).બર્મા (D).કોરીયા

ANS:ચીન

58) કયો મહાસાગર સૌથી વિશાળ છે ?

(A).હિંદ મહાસાગર (B).અરબ મહાસાગર (C).પ્રશાંત મહાસાગર (D).એટલાન્ટીક મહાસાગર

ANS:પ્રશાંત મહાસાગર

59) વિશ્વના કયા ભાગમાં વૃક્ષ વિહિન વિશાળ ઘાસના મેદાન આવેલા છે ?

(A).દક્ષિણ અમેરીકા (B).દક્ષિણ આફ્રિકા (C).એશિયા (D).ઓસ્ટ્રેલિયા

ANS:દક્ષિણ અમેરીકા

60) દુનિયામાં સૌથી વધારે ગરમી કયાં પડે છે ?

(A).ભારત (B).લીબીયા (C).દુબઇ (D).ઇરાન

ANS:લીબીયા

61) એશિયા ખંડમાં સૌથી લાંબી નદી કઇ છે ?

(A).ગંગા (B).યાંગત્સે (C).ઇરાવતી (D).બ્રહ્મપુત્રા

ANS:યાંગત્સે

62) બ્રહ્મદેશનું હાલનું નામ શું છે ?

(A).થાઇલેન્ડ (B).મ્યાનમાર (C).સિયામ (D).માલદીવ

ANS:મ્યાનમાર

63) પ્રકૃતિનો સુરક્ષા વાલ્વ કયો છે ?

(A).જ્વાલામુખી (B).બરફ (C).વરસાદ (D).ભૂકંપ

ANS:જ્વાલામુખી

64) જાપાનનું બીજુ નામ શું છે ?

(A).ફોરમાસા (B).ઘાના (C).બર્મા (D).નિપોન

ANS:નિપોન

65) માનવ શરીરના ઉષ્ણતામાનનું નિયમન કોના વડે થાય છે ?

(A).એડ્રીનલ ગ્રંથી (B).પિચ્યુટરી ગ્રંથી (C).હાઇપોથેલેમસ ગ્રંથી (D).થાઇરોઇડ ગ્રંથી

ANS:પિચ્યુટરી ગ્રંથી

66) એઇડસ રોગ માટે કયો ટેસ્ટ કરવો પડે છે ?

(A).સી.બી.ટી.એસ. (B).એચ.આઇ.વી. (C).એલીસા (Elisa) (D).એસ.જી.પી.ટી

ANS:એલીસા (Elisa)

67) હૃદય બદલવાનું પ્રથમ ઓપરેશન કોણે કર્યુ હતું ?

(A).ક્રીશ્ચન બર્નાડ (B).માર્ટીન કલાઇવ (C).રોબર્ટ વેલનબર્ગ (D).એલેકઝાંડર ફલેમિંગ

ANS:ક્રીશ્ચન બર્નાડ

68) આગ ઓલવવા કયા વાયુની જરૂર છે.

(A).નાઇટ્રોજન (B).અંગારવાયુ (C).ઓક્સિજન (D).કલોરિન

ANS:અંગારવાયુ

69) મરઘી ઇંડાનું સેવન કરે તે પછી ઇંડામાંથી બચ્ચા કેટલા અઠવાડીયામાં બહાર આવે છે ?

(A).બે (B).ત્રણ (C).ચાર (D).એક

ANS:ત્રણ

70) લીફટની શોધ કોણે કરી છે ?

(A).જોસેફ સ્વાન (B).પીટર ગોલ્ડમાર્ક (C).એલિસા ઓટીસ (D).બ્રુસ્નેલ ઓટીસ

ANS:એલિસા ઓટીસ

71) સર્પગંધામાંથી શું મળી આવે છે ?

(A).રીસ્પીન (B).નિકોટીન (C).મોર્ફીન (D).ક્વિનાઇન

ANS:રીસ્પીન

72) કયા વિજ્ઞાનીએ પ્રવાહી ઇંધણનો ઉપયોગ કરીને રોકેટને સર્વ પ્રથમ અવકાશમાં છોડી બતાવ્યું ?

(A).ઓપન હાઇમેર (B).રોબર્ટ એચ. ગોડાર્ડ (C).ટી.એચ. માઇમેન (D).એડવીન એલ્ડ્રીન

ANS:રોબર્ટ એચ. ગોડાર્ડ

73) ભારતે એન્ટારર્ટીકા ખંડ ઉપર કયા બે સંશોધન મથક સ્થાપ્યા છે ?

(A).ગંગોત્રી અને કરૂણા (B).દક્ષિણ ગંગોત્રી અને મૈત્રી (C).વિક્રાંત અને વિક્રમ (D).ત્રણેમાંથી એકપણ નહિં

ANS:દક્ષિણ ગંગોત્રી અને મૈત્રી

74) લેસર (LASER) નું પુરૂ નામ શું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).લાઇટ એમ્પ્લીફાયર ઓફ રેડીએશન સ્ટિમ્યુલેટેડ એમીશન ઓફ રેડિયેશન | (B).લાઇટ એમ્પ્લીફીકેશન બાય સ્ટિમ્યુલેટેડ એમીશન ઓફ રેડિયેશન | (C).લાઇટ એમ્પ્લીફીકેશન બાય સ્ટિમ્યુલેટેડ એમીશન ઓફ રેડિયોએકટીવીટી | (D).આમાંનું કોઇ પણ નહીં |

ANS:લાઇટ એમ્પ્લીફીકેશન બાય સ્ટિમ્યુલેટેડ એમીશન ઓફ રેડિયેશન

75) સંયુકત રાષ્ટ્રનું ખતપત્ર કયારે તૈયાર થયું હતુ ?

| | | | |
|---|---|---|---|
| (A).ઓગસ્ટ 1944 | (B).એપ્રિલ 1945 | (C).ઓકટોબર 1945 | (D).ઓકટોબર 1944 |

ANS:એપ્રિલ 1945

76) સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભા દર વર્ષે સામાન્ય રીતે કેટલી વાર મળે છે.

| | | | |
|---|---|---|---|
| (A).દર માસે | (B).ત્રણ વાર | (C).બે વાર | (D).પાંચ વાર |

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે.

77) એફ.એ.ઓ. (FAO) ( ફુડ અને એગ્રી કલચરલ ઓર્ગેનાઇઝેશન)નું મુખ્ય મથક કયાં છે ?

| | | | |
|---|---|---|---|
| (A).દિલ્હી | (B).જાકાર્તા | (C).લંડન | (D).રોમ |

ANS:રોમ

78) વિશ્વ બેંકની સ્થાપના કઇ સાલમાં થઇ હતી ?

| | | | |
|---|---|---|---|
| (A).1946 | (B).1945 | (C).1947 | (D).1952 |

ANS:1945

79) નામ (NAM) સંગઠનનું પુરૂ નામ શું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).નોર્થ એટલાન્ટીક મુવમેન્ટ | (B).નોર્થ એશિયન મુવમેન્ટ | (C).નોર્થ એલાઇડ મુવમેન્ટ | (D).આમાંથી એકપણ નહીં |

ANS:આમાંથી એકપણ નહીં

80) કયા કલાકારને સૌપ્રથમ દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળેલ ?

| | | | |
|---|---|---|---|
| (A).પૃથ્વીરાજ કપુર | (B).દેવકી રાણી | (C).કાનન દેવી | (D).બી.એન.સરકાર |

ANS:દેવકી રાણી

81) મૂર્તિદેવી એવોર્ડ કયા ક્ષેત્ર સાથે સંલગ્ન છે ?

(A).શાસ્ત્રીય સંગીત (B).રંગમંચ લક્ષી કલા (C).પત્રકારત્વ (D).સાહિત્ય

ANS:સાહિત્ય

82) ઇન્સા ( INSA ) શું છે ?

(A).આધુનિક રાઇફલ (B).સાયન્સ એકેડમી (C).સ્પેશ સટલ (D).આમાનું કોઇપણ નહિં

ANS:સાયન્સ એકેડમી

83) ભારતમાં સૌ પ્રથમ મ્યુચ્યુઅલ ફંડ કોણે શરૂ કર્યું ?

(A).જી.આઇ.સી. (B).યુ.ટી.આઇ. (C).એસ.બી.આઇ. (D).એલ.આઇ.સી.

ANS:યુ.ટી.આઇ.

84) ભારતે પહેલા માનવ વિકાસ રિપોર્ટ કયા વર્ષે બહાર પાડયો ?

(A).એપ્રિલ 2001 (B).એપ્રિલ 2002 (C).એપ્રિલ 2000 (D).એપ્રિલ 2003

ANS:એપ્રિલ 2002

85) કયા રાજયમાં તાંબાનો મોટો ભંડાર છે ?

(A).ઝારખંડ (B).ગુજરાત (C).રાજસ્થાન (D).છતીસગઢ

ANS:રાજસ્થાન

86) રીઝર્વ બેંકના પ્રથમ ગવર્નર કોણ હતા ?

(A).ઓસબાર્ન સ્મીથ (B).સી.ડી. દેશમુખ (C).બી.કે.મીનહાસ (D).જહોન સ્મીથ

ANS:ઓસબાર્ન સ્મીથ

87) શતરંજના જન્મદાતા દેશ કયો છે ?

(A).યુ.એસ.એ. (B).રશિયા (C).ભારત (D).ઇંગ્લેન્ડ

ANS:ભારત

88) પ્રથમ ક્રિકેટ વિશ્વ કપનું નામ શું હતું ?

(A).પ્રુડેન્શીયલ કપ (B).કોકો કોલા કપ (C).રિલાયન્સ કપ (D).વિલ્સ કપ

ANS:પ્રુડેન્શીયલ કપ

89) નીચેનામાંથી કોણ નિશાનેબાજની સ્પર્ધા સાથે સંકળાયેલા છે ?

(A).અંજલી ભાગવત (B).સાનિયા નેહવાલ (C).સાનિયા મિર્ઝા (D).કિરણ શેખાવત

ANS:અંજલી ભાગવત

90) છત્રીસ બોલમાં સદી કરીને નવો વિક્રમ કોણે રચ્યો ?

(A).શેન વોર્ન (B).સચીન તેંડુલકર (C).સંગાકારા (D).કોરી એન્ડરસન

ANS:કોરી એન્ડરસન

91) ક્રિકેટનાં ઇતિહાસમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટની પ્રથમ ટેસ્ટ મેચ કયારે અને કયા દેશ વચ્ચે રમાઇ હતી ?

(A).1879 ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડ (B).1877 ઓસ્ટ્રેલીયા-ઇંગ્લેન્ડ (C).1879 ઓસ્ટ્રેલીયા-દક્ષિણ આફ્રિકા (D).1880 ઇંગ્લેન્ડ – વેસ્ટ ઇન્ડીઝ

ANS:1877 ઓસ્ટ્રેલીયા-ઇંગ્લેન્ડ

92) રક્ષાનો જન્મ દિવસ આ મહિનાના ત્રીજા ગુરૂવારે છે. આ મહિનો સોમવારથી શરૂ થાય છે તો રક્ષાની જન્મ તારીખ કઇ હશે ?

(A).20 (B).18 (C).15 (D).16

ANS:18

93) એક સ્ત્રી ની ઓળખ આપતા રવિએ કહ્યુ તેની માતાએ મારી સાસુની એકની એક પુત્રી છે, તો રવિનો એ સ્ત્રી સાથે શું સંબંધ હશે ?

(A).ભાઇ (B).પિતા (C).પિતરાઇ (D).કાકા

ANS:પિતા

94) રમેશ પ્રસ્થાન બિંદુથી ચાલવાની શરૂઆત કરે છે. તે ત્રણ કિલોમીટર પશ્ચિમ દિશામાંચાલે છે. પછી તે પોતાની જમણી તરફ વળી પાછો ત્રણ કિલોમીટર ચાલે છે. તો તેનું મો કઇ દિશામાં હશે ?

(A).ઉત્તર (B).પશ્ચિમ (C).પૂર્વ (D).દક્ષિણ

ANS:ઉત્તર

95) રમા પુષ્પા કરતા ઉંચી છે, પણ બીના જેટલી ઉંચી નથી, બેલા સુજાતા કરતા ઉંચી પણ પુષ્પા જેટલી ઉંચી નથી, આ બધામાં સૌથી ઉંચુ કોણ છે ?

(A).સુજાતા (B).પુષ્પા (C).બીના (D).રમા

ANS:બીના

96) શબ્દ INFRASTRUCTURE માંથીનીચેના શબ્દોમાંથી કયો શબ્દ બનાવી શકાય નહીં ?

(A).INTACT (B).INSTRUCTOR (C).STRUCTURE (D).FRITTER

ANS:INSTRUCTOR

97) જો ABODE માં સંજ્ઞા EDOBA હોય તો APEX માટેની સંજ્ઞા કઇ ?

(A).XEPA (B).PEAX (C).APXA (D).PAEX

ANS:XEPA

98) જો સરવાળા માટે ‘x’ બાદબાકી માટે ‘+’ ગુણાકાર માટે ‘÷’ ભાગાકાર માટે ‘-‘ હોય તો 40x8-4+2= ?

(A).54 (B).52 (C).50 (D).58

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે.

99) આપેલ ક્રમિક આંકડામાં પ્રશ્નાર્થની જગ્યાએ કઇ સંખ્યા આવશે. 1, 4, ?, 64, 256

(A).16 (B).8 (C).128 (D).32

ANS:16

100) જો P = +, Q = -, R = ÷ અને S = x હોય તો 26 R 6 P 5 Q 9 S 8 =……

(A).20 (B).63 (C).72 (D).-63

ANS:-63

101) સવારના 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી બંને કાંટા એકી સાથે કેટલી વાર આવશે ?

(A).24 (B).11 (C).22 (D).12

ANS:12

102) જો એક મહિનાના ત્રીજા શનિવારે 21 મી તારીખ હોય, તો મહિનાના પહેલા બુધવારે કલ તારીખ આવશે ?

(A).3 (B).5 (C).4 (D).2

ANS:4

103) ગોવિંદભાઇને પાંચ પુત્રો છે અને દરેક ભાઇને એક બહેન છે. જો આ બધા સંતાનો માતા-પિતા સાથે રહેતા હોય તો કુટુંબમાં કુલ કેટલા સભ્યો હશે ?

(A).12 (B).8 (C).10 (D).આમાંથી એકપણ નહીં

ANS:8

104) 500 રૂપિયાના વેપારમાં 20 ટકા નુકશાન થાય તો 100 રૂા. ના વેપારમાં કેટલા ટકા નુકશાન થાય ?

(A).20 ટકા (B).4 ટકા (C).5 ટકા (D).10 ટકા

ANS:20 ટકા

105) અઢીસો રૂપિયામાંથી સવાસો બાદ કરીને પોણી સો રૂપિયા ઉમેરતા કેટલા રૂપિયા થશે ?

(A).200 રૂપિયા (B).225 રૂપિયા (C).224.75 રૂપિયા (D).માંથી એક પણ નહી

ANS:200 રૂપિયા

106) LANDSCAPE શબ્દમાંથી કયો શબ્દ બને છે ?

| | | | |
|---|---|---|---|
| (A).CENTRE | (B).DANCE | (C).CAST | (D).PAGE |

ANS:DANCE

107) 2 ઓકટોબર 2007 ના રોજ શનિવાર છે તો 2 ઓકટોબર 2008 ના રોજ કયો વાર હશે ?

| | | | |
|---|---|---|---|
| (A).શનિવાર | (B).રવિવાર | (C).સોમવાર | (D).શુક્રવાર |

ANS:સોમવાર

108) 100 મીટર કાપડના તાકામાં 10 મીટરનો એક ટુકડો કાપતા 10 સેકન્ડ લાગે છે. તો બધા મીટરના છટુકડા કાપતા કેટલો સમય લાગશે ?

| | | | |
|---|---|---|---|
| (A).10 સેકન્ડ | (B).100 સેકન્ડ | (C).1 મીનીટ 30 સેકન્ડ | (D).50 સેકન્ડ |

ANS:1 મીનીટ 30 સેકન્ડ

109) 49, 64, 81, 100, 121, ……

| | | | |
|---|---|---|---|
| (A).153 | (B).151 | (C).169 | (D).144 |

ANS:144

110) એક સાડી સુકાતા દશ મીનીટ લાગે છે તો વીસ સાડી સુકાતા કેટલો સમય લાગે ?

| | | | |
|---|---|---|---|
| (A).100 | (B).20 | (C).10 | (D).200 |

ANS:10

111) લંડન ઓલિમ્પિક – 2012 માં ભારતને કુલ કેટલા મેડલ મળ્યા છે ?

| | | | |
|---|---|---|---|
| (A).3 | (B).6 | (C).4 | (D).5 |

ANS:6

112) ભારતના ક્રિકેટ ખેલાડી સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કયા દેશ સામે 100 મી સદી નોંધાવી હતી ?

| | | | |
|---|---|---|---|
| (A).શ્રીલંકા | (B).પાકિસ્તાન | (C).બાંગ્લાદેશ | (D).ઓસ્ટ્રેલિયા |

ANS:બાંગ્લાદેશ

113) સુપર સોનિક શબ્દ શેના માટે વપરાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).હવાની ગતિ | (B).અવાજની ગતિથી વધારે ગતિ | (C).અવાજની ગતિથી ઓછી ગતિ | (D).ત્રણમાંથી એક પણ નહીં |

ANS:અવાજની ગતિથી વધારે ગતિ

114) સુશીલકુમાર કઇ રમત સાથે સંકળાયેલા છે ?

| | | | |
|---|---|---|---|
| (A).સ્વિમિંગ | (B).વેઇટલીફ્ટિંગ | (C).કુસ્તી | (D).બેડમિન્ટન |

ANS:કુસ્તી

115) ગુજરાતમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ?

(A).ડૉ.એ.આર.પાઠક (B).હર્ષદ શાહ (C).ડૉ.અક્ષય અગ્રવાલ (D).પંકજ જાની

ANS:હર્ષદ શાહ

116) ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ ?

(A).25 વર્ષ (B).20વર્ષ (C).18 વર્ષ (D).35 વર્ષ

ANS:35 વર્ષ

117) પૂર્ણ સત્ય એ ગુજરાતી સાહિતયમાં કેવી રીતે ઓળખાય છે ?

(A).આત્મકથા (B).નવલિકા (C).નવલકથા (D).આખ્યાન

ANS:આત્મકથા

118) ભારતીય મૂળની અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ કેટલા સમયના મિશન માટે અંતરિક્ષની યાત્રાએ પહોંચી છે ?

(A).ત્રણ મહિના (B).બે મહિનો (C).એક મહિનો (D).ચાર મહિના

ANS:ચાર મહિના

119) ''રૂસ્તમે હિન્દ'' નું બિરૂદ કોને મળ્યુ હતું ?

(A).અભિનવ બિન્દ્રા (B).સુશીલકુમાર (C).દારાસિંહ (D).યોગેશ્વર દત્ત

ANS:દારાસિંહ

120) ભારતીય રાષ્ટ્રીય પંચાંગ અનુસાર પ્રથમ માસ કયો છે ?

(A).ચૈત્ર (B).પોષ (C).કારતક (D).ફાગણ

ANS:ચૈત્ર

121) એન્ટીબાયોટીકસ કોને નષ્ટ કરે છે ?

(A).બેકટેરીયા (B).વાઇરસ (C).ફુગ (D).પ્રજીવક

ANS:બેકટેરીયા

122) ક્રિકેટની રમતમાં બોલર દરેક બોલે વિકેટ ખેરવે તો છેલ્લે કયા નંબરનો ખેલાડી નોટ આઉટ રહેશે ?

(A).9 (B).8 (C).7 (D).11

ANS:8

123) કલ્પસૂત્ર કયા ધર્મનો ગ્રંથ છે ?

(A).બૌધ્ધ (B).હિન્દુ (C).શીખ (D).જૈન

ANS:જૈન

124) ધરતીકંપ માપવાના સાધનને શું કહે છે ?

(A).સ્ફેરોમીટર (B).થર્મોમીટર (C).લેકટોમીટર (D).રીકટર સ્કેલ

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે.

125) 02:16:03

(A).81 (B).27 (C).9 (D).15

ANS:81

126) એક વર્ગમાં આંકડાશાસ્ત્ર વિષયમાં કુલ 60 ટકા વિધાર્થીઓ પાસ થાય છે. પાસ થનાર વિધાર્થીઓમાં વિશ્વાસનો ક્રમ 8 મો અને પાછળથી 29 મો છે તો કુલ વર્ગમાં કેટલા વિધાર્થી હશે ?

(A).60 (B).50 (C).45 (D).54

ANS:60

127) મારી ફોઇના પિતાના પુત્રની પુત્રી મારી શું થાય ?

(A).ફોઇ (B).ભત્રીજી (C).બહેન (D).ભાણેજી

ANS:બહેન

128) સાગર પોતાના ઘરેથી પૂર્વ દિશામાં 10 કિ.મી. ચાલે છે ત્યાર પછી તે ઉત્તર દિશામાં 5 કિ.મી. ચાલે છે. ત્યારબાદ તે પશ્ચિમ દિશામાં 10 કિ.મી. ચાલે છે. તો હવે તે પોતાના ઘરેથી કેટલા કિ.મી. દૂર હશે ?

(A).5 કિ.મી. (B).10 કિ.મી. (C).15 કિ.મી. (D).25 કિ.મી.

ANS:5 કિ.મી.

129) 8, 25, 49, 36 કઇ સંખ્યા અન્ય ત્રણથી જુદી છે ?

(A).49 (B).25 (C).8 (D).36

ANS:8

130) 150 વ્યક્તિઓને 12 દિવસ ચાલે એટલો ખોરાક 200 વ્યક્તિઓને કેટલા દિવસ ચાલશે ?

(A).8 (B).9 (C).10 (D).11

ANS:9

131) કઇ બે નદીઓની વચ્ચેનો પ્રદેશ 'લાટ પ્રદેશ' કહેવાતો ?

(A).હિરત-ભોગાવો (B).ઓરસંગ-મહિ (C).મહિ-રેવા (D).વાત્રક- શેઢી

ANS:મહિ-રેવા

132) મોઢેરાનું સુર્ય મંદિર કોના સમયમાં બંધાયુ હતું ?

(A).કુમારપાલ (B).વીર ધવલ (C).પિસલદેવ (D).ભીમદેવ પહેલો

ANS:ભીમદેવ પહેલો

133) વિશ્વમાં સૌથી મોટો ખંડ કયો છે ?

(A).અમેરીકા (B).યુરોપ (C).એશિયા (D).ઓસ્ટ્રેલિયા

ANS:એશિયા

134) ગુજરાતના ઇતિહાસમાં 'અશોક' તરીકે કયા રાજાને ઓળખવામાં આવે છે.

(A).કુમારપાળ (B).ભીમદેવ પહેલો (C).સિધ્ધરાજ જયસિંહ (D).અજયપાળ

ANS:કુમારપાળ

135) બંકિમચંદ્રનું 'વંદેમાતરમ' ગીત કઇ રાષ્ટ્રીય લડત દરમિયાન રાષ્ટ્રગીત તરીકે પ્રસ્થાપિત થયું ?

(A).ચંપારણ સત્યાગ્રહ (B).દાંડીકૂચ (C).હિંદુછોડો લડત (D).બંગભંગની લડત

ANS:બંગભંગની લડત

136) ભારતના લોકોને સ્વરાજ શબ્દની ભેટ કોણે આપી ?

(A).વિનોબા ભાવેએ (B).દાદાભાઇ નવરોજીએ (C).ગાંધીજીએ (D).લોકમાન્ય ટિળકે

ANS:લોકમાન્ય ટિળકે

137) પ્રથમ વિશ્વયુધ્ધનો સમયગાળો કયો હતો ?

(A).1931-35 (B).1914-18 (C).1911-14 (D).1939-45

ANS:1914-18

138) શ્રી વલ્લભાઇ પટેલ સત્યાગ્રહની કઇ લડતથી પ્રભાવિત થઇને ગાંધીજીના આજીવન અનુયાયી બની રહ્યા ?

(A).દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ (B). ચંપરણનો સત્યાગ્રહ (C).અમદાવાદનો સત્યાગ્રહ (D).ખેડા સત્યાગ્રહ

ANS:ખેડા સત્યાગ્રહ

139) સિંધુ સંસ્કૃતિના પ્રાપ્ત લખાણો કઇ લિપિમાં છે ?

(A).બ્રાહ્મી (B).ખરોષ્ઠિ (C).ઇરાની (D).હજુ લીપી ઓળખાઇ નથી

ANS:હજુ લીપી ઓળખાઇ નથી

140) દિલ્હી સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ?

(A).કુતુબુદીન બખ્તિયારે (B).કુતુબુદીન ઐબિકે (C).શિહાબુદીન ઘોરી (D).મહમૂદ ગઝનવીએ

ANS:કુતુબુદીન ઐબિકે

141) હૈદ્રાબાદ કઇ નદીના કિનારે આવેલુ છે ?

(A).મૂસી (B).તુંગભદ્રા (C).ગોદાવરી (D).મહી

ANS:મૂસી

142) દક્ષિણ ભારતની સૌથી વધુ લાબી નદી કઇ છે ?

(A).નર્મદા (B).ગોદાવરી (C).કાવેરી (D).કૃષ્ણા

ANS:ગોદાવરી

143) ભારતનું વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટુ રાજય કયું છે ?

(A).મધ્યપ્રદેશ (B).બિહાર (C).રાજસ્થાન (D).ઉત્તરપ્રદેશ

ANS:ઉત્તરપ્રદેશ

144) ભારતમાં સૌથી વધારે આયાત શેની થાય છે ?

(A).લોખંડ (B).કપાસ (C).ખાતર (D).ખનિજ તેલ

ANS:ખનિજ તેલ

145) વિશ્વમાં સૌથી વધારે રબર કયા દેશમાં પેદા થાય છે ?

(A).મલેશિયા (B).ભારત (C).શ્રીલંકા (D).બ્રાઝીલ

ANS:મલેશિયા

146) ગુજરાત શેના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને આવે છે ?

(A).એરંડા (B).રાય (C).તલ (D).તમાકુ

ANS:એરંડા

147) સૌરાષ્ટ્રની સૌથી લાંબામાં લાંબી નદી કઇ છે ?

(A).ભાદર (B).ભોગાવો (C).આજી (D).મોજ

ANS:ભાદર

148) પાલનપુર નજીક અરવલ્લી પર્વતના ભાગ રૂપે કઇ ટેકરીઓ આવેલી છે ?

(A).આરાસુરની (B).માંડવીની (C).ગીરની (D).જૈસોરની

ANS:જૈસોરની

149) સમગ્ર ગુજરાતમાં સરેરાશ વાર્ષિક વરસાદ કેટલા સે.મી. થાય છે ?

(A).82 સે.મી. (B).81 સે.મી. (C).80 સે.મી. (D).83 સે.મી.

ANS:83 સે.મી.

150) ગુજરાત રાજયમાં કુલ કેટલા અભ્યારણ્ય આવેલા છે ?

(A).20 (B).10 (C).15 (D).30

ANS:20